7 મહિનાથી આંગણવાડીની બહેનો પોતાના પૈસે બાળકોને ખવડાવે છે

આહારનાં બિલો અટવાતાં નવસારીની આંગણવાડી બહેનોમાં રોષ, આર્થિક સંકટ વધતાં ૬ જૂનથી નાસ્તો બંધ કરવાની ચેતવણી

નવસારીઃ નવસારી તાલુકાની આંગણવાડીઓમાં બાળકોને આપવામાં આવતા ગરમ આહાર અને પૌષ્ટિક નાસ્તાના બિલો છેલ્લા સાત મહિનાથી બાકી રહેતાં આંગણવાડી કાર્યકર બહેનોમાં ભારે અસંતોષ અને રોષ જોવા મળી રહ્યો છે. ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠન (જી.એ.કે.એસ.) નવસારી દ્વારા સી.ડી.પી.ઓ.ને લેખિત રજૂઆત કરીને તાત્કાલિક બાકી રકમ ચૂકવવાની માંગ કરવામાં આવી છે. લાંબા સમયથી ચૂકવણી અટવાઈ જતાં હવે બહેનો માટે પોતાના ખર્ચે આંગણવાડીની વ્યવસ્થા ચલાવવી મુશ્કેલ બની ગઈ હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.

સંગઠનના જણાવ્યા મુજબ નવેમ્બર ૨૦૨૫થી આજદિન સુધી ગરમ આહાર અને નાસ્તાના બિલોની ચૂકવણી કરવામાં આવી નથી. છતાં આંગણવાડી કાર્યકર બહેનો બાળકોના પોષણમાં કોઈ ખલેલ ન પડે તે માટે પોતાના ખિસ્સામાંથી જ દાળ, ચણા, મસાલા, શાકભાજી, તુવેરદાળ અને ઇંડા જેવી જરૂરી ચીજવસ્તુઓ ખરીદી બાળકોને નિયમિત નાસ્તો અને ગરમ આહાર આપી રહી છે. પરંતુ સાત મહિનાથી સતત પોતાનો ખર્ચ કરવાથી હવે અનેક બહેનો આર્થિક સંકટમાં મુકાઈ ગઈ હોવાનું સામે આવ્યું છે.

કાર્યકર બહેનોનું કહેવું છે કે સરકાર તરફથી સમયસર નાણાં ન મળતાં હવે ઘરખર્ચ ચલાવવો પણ મુશ્કેલ બની રહ્યો છે. કેટલાક સ્થળોએ બહેનોને ઉધાર લઈને બાળકો માટે ખાદ્યસામગ્રી ખરીદવાની ફરજ પડી રહી છે. તેમ છતાં બાળકોને ભોજન અને પોષણ મળે તે માટે બહેનો પોતાની ફરજ નિભાવી રહી છે. પરંતુ હવે પરિસ્થિતિ એવી બની ગઈ છે કે વધુ સમય સુધી પોતાના ખર્ચે આ સેવા ચાલુ રાખવી શક્ય નથી. આ ગંભીર મુદ્દે ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠને તંત્રને સ્પષ્ટ અલ્ટીમેટમ આપ્યું છે કે જો ૫ જૂન ૨૦૨૬ સુધીમાં બાકી બિલોની ચુકવણી નહીં કરવામાં આવે તો ૬ જૂનથી નવસારી તાલુકાની આંગણવાડીઓમાં નાસ્તો અને ગરમ આહાર સેવા સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવશે. સંગઠને જણાવ્યું છે કે અનેક રજૂઆતો છતાં પ્રશ્નનો કોઈ ઉકેલ આવ્યો નથી, જેના કારણે હવે કડક નિર્ણય લેવાની ફરજ પડી રહી છે.

જો આંગણવાડીઓમાં નાસ્તો અને આહાર સેવા બંધ થશે તો તેની સીધી અસર નાના અને ગરીબ પરિવારોના બાળકોના પોષણ અને આરોગ્ય પર પડશે.

ખેરગામ તાલુકામાં આશાવર્કરો 6 મહિનાના પગારથી વંચિત

ખેરગામઃ એક તરફ સરકાર દ્વારા મહિલા સશક્તિકરણ અને મહિલાઓના આર્થિક સ્વાવલંબન માટે વિવિધ યોજનાઓ અમલમાં મુકવામાં આવી રહી છે, ત્યારે બીજી તરફ ખેરગામ તાલુકામાં આરોગ્ય સેવાઓ સાથે સંકળાયેલી આશા અને આશા ફેસિલિટેટર બહેનો છેલ્લા 6 મહિનાથી પગાર વિના કામ કરવા મજબૂર બન્યા છે. ખેરગામ તાલુકાના બહેજ, આછવણી અને તોરણવેરા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર હેઠળ ફરજ બજાવતી આશરે 72 જેટલી આશા અને આશા ફેસિલિટેટર બહેનોને જાન્યુઆરી-૨૦૨૬થી આજદિન સુધીનો પગાર મળ્યો નથી. ઉપરાંત સરકાર દ્વારા જાહેર કરાયેલા ૫૦ ટકા પ્રોત્સાહક વધારાનો લાભ પણ તેમને મળ્યો ન હોવાનું જાણવા મળ્યું છે. પરિણામે અનેક બહેનો આર્થિક સંકડામણનો સામનો કરી રહી છે. આ અંગે શનિવારે આશા અને આશા ફેસિલિટેટર બહેનોએ ખેરગામ મામલતદાર વિજય પટેલને રજૂઆતમાં જણાવાયું હતું કે છેલ્લા છ મહિનાથી મહેનતાણું ન મળતાં ઘરખર્ચ ચલાવવામાં ભારે મુશ્કેલીઓ પડી રહી છે. આશા બહેનોએ જણાવ્યું હતું કે પરિવારની જવાબદારીઓ, બાળકોના અભ્યાસ ખર્ચ અને રોજિંદા જીવનની જરૂરિયાતો વચ્ચે પગાર ન મળવાથી તેઓ ગંભીર આર્થિક મુશ્કેલીમાં મુકાયા છે. આશા અને આશા ફેસિલિટેટર બહેનોએ તાત્કાલિક બાકી રહેલો પગાર ચૂકવવા તેમજ પ્રોત્સાહક વધારાની રકમ પણ વહેલી તકે જમા કરાવવા માંગણી કરી હતી.

નવસારી જિલ્લામાં મેગા રેડમાં ૧૪ તરુણ શ્રમિકને મુક્ત કરાયા

નવસારીઃ નવસારી જિલ્લામાં બાળ અને તરૂણ મજૂરી જેવી ગંભીર સામાજિક બદી સામે જિલ્લા પ્રશાસન એક્શન મોડમાં આવ્યું છે. જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીના માર્ગદર્શન હેઠળ જિલ્લા ટાસ્ક ફોર્સ દ્વારા ગત ૨૬ અને ૨૭ મે દરમિયાન સઘન સર્ચ અને રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન બીલીમોરા, કબિલપોર, નવસારી ઉદ્યોગનગર, જી.આઈ.ડી.સી વિસ્તારો તેમજ હાઈવે પર આવેલી હોટલો, ઢાબાઓ, ચા-લારીઓ, નાના ઉદ્યોગો અને ગૃહ એકમોમાં આકસ્મિક તપાસ કરવામાં આવી હતી. કુલ ૭ એકમમાં કાયદાનું ઉલ્લંઘન સામે આવતા ત્યાંથી ૧૪ તરૂણ શ્રમયોગીઓને મુક્ત કરાવી સુરક્ષિત રીતે રેસ્ક્યુ કરવામાં આવ્યા હતા.

બાળ તથા તરૂણ શ્રમયોગી અધિનિયમ હેઠળ સંબંધિત માલિકો અને સંચાલકો સામે કડક કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ સમગ્ર ઓપરેશનમાં મદદનીશ શ્રમ આયુક્ત કચેરી, જિલ્લા બાળ સુરક્ષા એકમ, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય વિભાગ, એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ તેમજ રોજગાર અને વિનિમય કચેરીના અધિકારીઓએ સંકલિત કામગીરી કરી હતી.

નિલેશ કાપડિયા

ડામર રોડનું બોર્ડ લાગ્યું પરંતુ રસ્તો જ ગાયબ

વાંસદાના મોટી વાલઝર ગામે રસ્તાના નામે ગેરરીતિનો આક્ષેપ

વાંસદાઃ વાંસદાના મોટી વાલઝર ગામના ઉતારા ફળિયામાં ડામર રોડ બન્યાનું સરકારી બોર્ડ તો લાગી ગયું, પરંતુ વાસ્તવમાં રસ્તાનું કોઈ અસ્તિત્વ ન હોવાના આક્ષેપો સ્થાનિકો દ્વારા થઈ રહ્યા છે. કોન્ટ્રાક્ટર અને જવાબદાર તંત્રની મિલીભગતથી સરકારી નાણાંમાં ગેરરીતિ થઈ હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

વાંસદા તાલુકાના મોટી વાલઝર ગામના ઉતારા ફળિયામાં આશરે 160 જેટલા લોકો વસવાટ કરે છે. જેમને મુખ્ય માર્ગ સુધી પહોંચવા માટે આજદિન સુધી અહીં પાકો રસ્તો બનાવવામાં આવ્યો નથી. સમસ્યાને લઈ ગ્રામ પંચાયત સમક્ષ અનેકવાર રજૂઆત કરવામાં આવી છે. ત્યારબાદ વર્ષ 2024-25ની 14મી નાણાપંચ યોજના હેઠળ આ માર્ગ પર નટુ બાબરના ઘર તરફથી શંકર મોતીના ઘર સુધી ડામર રોડ બન્યાનું દર્શાવતું બોર્ડ તો લગાવવામાં આવ્યું છે. જોકે, સ્થળ પર ડામર રોડ જ જોવા મળતો નથી. જેના કારણે સરકારી નાણાંનો દુરુપયોગ અને ગેરરીતિના ગંભીર આક્ષેપો ઊઠ્યા છે. હવે સંબંધિત અધિકારીઓ સ્થળ તપાસ કરી જવાબદારો સામે પગલાં ભરે છે કે કેમ તે જોવું રહ્યું. ઉલ્લેખનીય બાબત એ છે કે ઉતારા ફળિયાના લોકો ફાળો ભેગો કરી મોરમ નાંખી રસ્તો બનાવી રહ્યા છે ત્યારે, કેટલાક ઈસમો દ્વારા તેમાં પણ અડચણ ઉભી કરી રહ્યા હોવાની ફરિયાદ ઉઠવા પામી છે.

રસ્તાના કામમાં અડચણ ઊભી કરી મારવાની ધમકી

ફળિયામાં રહેતા પ્રવિણ રાસલાભાઈ પટેલ અને રવજી રાસલાભાઈ પટેલ દ્વારા રસ્તાના કામમાં અડચણ ઊભી કરી "આ જમીનમાંથી કોઈ રસ્તો પસાર થવા દેવાનો નથી" એમ કહી ગાળાગાળી કરી મારપીટ કરવાની ધમકીઓ આપી હતી. આ મામલે ગ્રામજનોએ વાંસદા મામલતદાર, ટી.ડી.ઓ તેમજ પોલીસમથકે લેખિત ફરિયાદ નોંધાવી હતી.

ચીખલી હાઈવે ઓવરબ્રિજનો સર્વિસ રોડ બની ગયો પાર્કિંગ રોડ

ધર્મેશ પટેલ

ઘેજઃ ચીખલી હાઈવે ઓવરબ્રિજના સર્વિસ રોડએ પોલીસની નિષ્ક્રિયતા વચ્ચે અવારનવાર ટ્રાફિક જામ થવા સાથે આ સર્વિસ રોડ પાર્કિંગ રોડ બની જવા પામ્યો છે. આ ઓવરબ્રિજના સર્વિસ રોડ સ્થિત એક રેસ્ટોરન્ટમાં પાર્કિંગની પૂરતી વ્યવસ્થાના અભાવે આ રેસ્ટોરન્ટમાં જતાં લોકો વાહન સર્વિસ રોડ પર જ આડેધડ પાર્કિંગ કરતાં વાહન વ્યવહારમાં અવરોધ ઊભો થઈ રહ્યો છે અને જેના કારણે વારંવારના ટ્રાફિક જામથી લોકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે. હાઇવે ઓવરબ્રિજના સર્વિસ રોડ પર ઘણીવાર આડેધડ પાર્કિંગ ઠેઠ હાઈવે પોલીસ ચોકી સુધી થતું હોય છે. વધુમાં આ હાઈવે પોલીસ ચોકી હાઈવે ચાર રસ્તા પાસે જ હોવાથી ચારે બાજુએથી મોટાપાયે વાહનોનો ધસારો આવતો હોય છે અને આ વાહનોની અવરજવરનો મુખ્ય મદાર સર્વિસ રોડ પર જ રહેતો હોય છે, ત્યારે સર્વિસ રોડ વાહન વ્યવહાર માટે ખુલ્લો હોવો જરૂરી છે.

વાંસદા તાલુકા પંચાયતનો અધિક મદદનીશ ઈજનેર લાંચ લેતાં પકડાયો

ક્રિકેટ ગ્રાઉન્ડના રૂ.4.61 લાખના બિલ મંજૂર કરવા કૃણાલ પટેલે ૫% લેખે લાંચ માંગી હતી.

પાર્કિંગમાં ગોઠવાયેલા એ.સી.બી.ના છટકામાં ૧૬ હજાર લેતાં રંગેહાથ ઝડપાયો

વાંસદાઃ વાંસદામાંથી લાંચ રુશ્વત વિરોધી બ્યુરો (એ.સી.બી.) એ તાલુકા પંચાયતના અધિક મદદનીશ ઇજનેરને રૂ.૧૬,૦૦૦ ની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યો હતો. જેને પગલે સરકારી આલમમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

પ્રાપ્ત માહિતી મુજબ વાંસદામાં એક જાગૃત નાગરિકે વર્ષ-૨૦૨૫માં ટ્રાયબલ સબ પ્લાન (TSP) યોજના અંતર્ગત ક્રિકેટ ગ્રાઉન્ડ બનાવવાનું કામ કર્યું હતું. આ કામનું કુલ રૂ.૪,૬૧,૬૯૪નું બિલ ફેબ્રુઆરી-૨૦૨૬માં મંજૂર થયું હતું. વાંસદા તાલુકા પંચાયત કચેરીની બાંધકામ શાખામાં મદદનીશ ઈજનેર (S.O. વર્ગ-૩) તરીકે ફરજ બજાવતા ૩૧ વર્ષીય કૃણાલ મનુભાઈ પટેલ દ્વારા આ મંજૂર થયેલા બિલના ૫% લેખે શરૂઆતમાં રૂ.૨૩,૦૦૦ ની લાંચની માંગણી કરવામાં આવી હતી. જો કે, ફરિયાદી સાથે થયેલી રકઝકના અંતે રૂ.૧૬,૦૦૦ આપવાનું નક્કી થયું હતું. ફરિયાદી આ લાંચના નાણાં આપવા બિલકુલ માંગતા ન હોવાથી, તેમણે હિંમત દાખવી વલસાડ એ.સી.બી. પોલીસ સ્ટેશનનો સંપર્ક કર્યો હતો અને આ અંગે વિધિવત ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે એ.સી.બી.ની ટીમ દ્વારા ત્વરિત કાર્યવાહી કરવામાં આવી હતી. તા.૧/૬/૨૦૨૬ના રોજ વાંસદા તાલુકા પંચાયત કચેરીના પાર્કિંગ વિસ્તારમાં એક ગુપ્ત છટકાનું આયોજન કરવામાં આવ્યું હતું. છટકા દરમિયાન આરોપી કૃણાલ પટેલે ફરિયાદી સાથે નાણાં અંગે હેતુલક્ષી વાતચીત કરી હતી અને જેવા રૂ.૧૬,૦૦૦ સ્વીકાર્યા, કે તરત જ એ.સી.બી.ની ટીમે તેને રંગેહાથ દબોચી લીધો હતો. તેની પાસેથી લાંચની પૂરેપૂરી રકમ રિકવર કરી લેવામાં આવી છે. આ સફળ ટ્રેપ વલસાડ એ.સી.બી.ના પોલીસ ઈન્સ્પેક્ટર જે.આર.ગામીત અને તેમની ટીમ દ્વારા પાર પાડવામાં આવી હતી. જ્યારે સમગ્ર ઓપરેશનનું સુપરવિઝન સુરત એકમના મદદનીશ નિયામક આર.આર.ચૌધરી અને વડોદરા એ.સી.બી.ના ઈનચાર્જ નાયબ નિયામક બી.એમ.પટેલના માર્ગદર્શન હેઠળ થયું હતું. હાલ એ.સી.બી.એ ભ્રષ્ટ અધિકારી કૃણાલ પટેલ વિરુદ્ધ ગુનો નોંધી આગળની વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પારડીમાં રૂ. 1.20 લાખની ચેઈન તોડી બાઈકરો ફરાર

મેકેનિકનું સરનામું પૂછવાના બહાને વાતોમાં ભોળવી મહિલાને નિશાન બનાવી

પારડીઃ પારડીના કુંભારવાડ વિસ્તારમાં દિવસે દિવસે વધી રહેલી ચેઈન સ્નેચિંગની ઘટનાઓ વચ્ચે સોમવારે વધુ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. શાકભાજી લેવા નીકળેલી એક મહિલાના ગળામાંથી બે અજાણ્યા બાઈકસવારો રૂ.1.20 લાખ કિંમતની સોનાની ચેઈન તોડી ક્ષણભરમાં ફરાર થઈ ગયા હતા. પળવારમાં ફરાર થઈ જતાં વિસ્તારમાં ભય અને ચિંતાનો માહોલ ફેલાયો છે.

પ્રાપ્ત માહિતી મુજબ વલસાડી ઝાપા વિસ્તારમાં ચંડીકામાતા મંદિર નજીક રહેતા ૪૬ વર્ષીય મીનાક્ષીબેન પ્રજાપતિ સવારે આશરે ૧૧ વાગ્યે બજારમાં શાકભાજી લેવા નીકળ્યા હતા. તેઓ કુંભારવાડમાં વિવેક જ્વેલર્સ પાસેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે કેસરી અને કાળા રંગની કેટીએમ (KTM) સ્પોર્ટ્સ બાઈક પર બે અજાણ્યા યુવકો આવ્યા હતા. શરૂઆતમાં બંનેએ શંકા ન જાય તે રીતે મહિલાને મોટરસાઈકલ મેકેનિકની દુકાન વિશે પૂછપરછ કરી હતી.

મહિલાએ હાઈવે તરફ જવાનું કહેતા જ બંને ત્યાંથી આગળ વધ્યા હતા, પરંતુ થોડી જ ક્ષણોમાં પૂર્વયોજિત રીતે પાછળ બેઠેલા ઈસમે મહિલાના ગળામાંથી બળજબરીપૂર્વક ૩ તોલાની સોનાની ચેઈન આંચકી લીધી હતી. પળવારમાં બનેલી આ ઘટના બાદ બંને લૂંટારુ પારડી બજાર તરફ પૂરઝડપે ફરાર થઈ ગયા હતા. ભોગ બનનાર મહિલાએ પારડી પોલીસ મથકમાં રૂ. ૧.૨૦ લાખની મતાની લૂંટ અંગે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કર્યો છે. હાલ પોલીસે આરોપીઓને પકડવા માટે ઘટનાસ્થળની આસપાસના સીસીટીવી ફૂટેજ મેળવી વિવિધ દિશામાં સઘન તપાસ શરૂ કરી છે.

છીરીથી IPL પર ઓનલાઈન સટ્ટો રમાડનાર ઝડપાયો

વાપીઃ વલસાડ જિલ્લામાં જુગારની પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવા માટે SOGની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન મળેલી બાતમીના આધારે ટીમે છીરી ગામના રણછોડનગર પાછળ નહેરવાળા રોડ સામે આવેલા ખુલ્લા મેદાનમાં દરોડો પાડ્યો હતો. ત્યાં અરમાન શૌકીન ખાન (ઉં.વ.27, હાલ રહે. ડુંગરા, ડુંગરી ફળિયા સ્થિત ચાલી, વાપી, મૂળ યુપી) આઈપીએલ ક્રિકેટ મેચો પર ઓનલાઈન સટ્ટાબાજીની આઈડી મારફતે જુગાર રમતો ઝડપાયો હતો. પોલીસે એક મોબાઈલ ફોન કિંમત રૂ.10,000, રોકડા રૂ.8,800 તેમજ મોટરસાઈકલ, કિંમત રૂ.35,000 મળી કુલ રૂ.53,800નો મુદ્દામાલ કબજે કર્યો હતો. જ્યારે માસ્ટર આઈડી આપનાર શાહરૂખ ખાન (રહે.,ભીલાડ)ને વોન્ટેડ બતાવ્યો હતો.

નવસારીમાં વિકાસ અને સ્વચ્છતા મુદ્દે મેયર-કમિશનર એક્શનમાં

શહેરના વિવિધ વિસ્તારોની મુલાકાત લઈ કામગીરીની સમીક્ષા કરી

નવસારીઃ નવસારી શહેરમાં ચાલી રહેલા વિકાસ કાર્યોને વધુ ગતિ આપવા અને નાગરિક સુવિધાઓમાં સુધારો લાવવા માટે મેયર અશોકભાઈ ધોરાજીયા તથા મ્યુનિસિપલ કમિશનર જયેશ ઉપાધ્યાય (IAS) દ્વારા શહેરના વિવિધ વિસ્તારોની મુલાકાત લઈ કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. શહેરના માર્ગો, ડ્રેનેજ, ટ્રાફિક વ્યવસ્થા અને સ્વચ્છતા સંબંધિત મુદ્દાઓ પર અધિકારીઓએ સ્થળ પર જઈ નિરીક્ષણ કર્યું હતું. મુલાકાતની શરૂઆત રેલવે સ્ટેશન ફાટક વિસ્તારથી કરવામાં આવી હતી, જ્યાં મુસાફરોને વધુ સુવિધા મળી રહે તે માટે શેડ અને ઈકો વાહનોની વ્યવસ્થા અંગે ચર્ચા કરવામાં આવી હતી. વધતી અવરજવર વચ્ચે પરિવહન વ્યવસ્થા વધુ સુચારૂ બને તે માટે સંબંધિત વિભાગોને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ત્યારબાદ ટાટા સ્કૂલ નજીક ચાલી રહેલા રોડ અને ડ્રેનેજ પ્રોજેક્ટની કામગીરીનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. અધિકારીઓએ કામની ગુણવત્તા જાળવી સમયસર પૂર્ણ કરવા કોન્ટ્રાક્ટરો અને તંત્રને સ્પષ્ટ સૂચનાઓ આપી હતી. શહેરમાં ગુજરાત અર્બન ડેવલપમેન્ટ કંપની દ્વારા હાથ ધરાયેલા વિવિધ પ્રોજેક્ટ્સની પણ સમીક્ષા કરવામાં આવી હતી. સ્વચ્છતા અભિયાનને લઈને તંત્રે કડક વલણ દાખવ્યું હતું. વેરાવળ માર્કેટ વિસ્તારમાં ખાડીમાં માછલીનો કચરો અને ગંદકી ફેંકાતી હોવાની ફરિયાદોને પગલે મેયર અને કમિશનરે સ્થળ પર જઈ સ્થિતિની તપાસ કરી હતી. ગંદકીના કારણે સર્જાતી દુર્ગંધ અને પ્રદૂષણ અંગે કમિશનરે અસંતોષ વ્યક્ત કરીને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવા તંત્રને આદેશ આપ્યો હતો.

નવસારી શહેરમાં ઉકળાટભર્યુ વાતાવરણથી ઉકળાટ

નવસારીઃ નવસારીમાં ગરમીનો પ્રકોપ વધુ તીવ્ર બનતો જઈ રહ્યો છે. કાળઝાળ તાપમાન અને ભારે ભેજના કારણે નાગરિકો ભારે અકળામણનો સામનો કરી રહ્યા છે. કેટલાક દિવસોથી શહેરમાં ગરમી સાથે બફારાનું પ્રમાણ પણ વધી જતા લોકો માટે ઘર બહાર નીકળવું મુશ્કેલ બન્યું છે. હવામાન વિભાગના આંકડા મુજબ શહેરનું મહત્તમ તાપમાન ૩૬ ડિગ્રી સેલ્સિયસથી વધુ નોંધાયું હતું, જ્યારે રાત્રિના સમયે પણ તાપમાનમાં ખાસ ઘટાડો ન થતા લોકોને ગરમીમાંથી રાહત મળી નહોતી. સવારના સમયે હવામાં ભેજનું પ્રમાણ અત્યંત ઊંચું રહેતાં શરૂઆતથી જ ઉકળાટનો અનુભવ થયો હતો.

(નાણાં મંત્રાલય, ભારત સરકાર)

ઋણ વસૂલી અધિકરણ - II

સત્યમેવ જયતે

ત્રીજો માળ, ભીખુભાઈ ચેમ્બર્સ, કોચરબ આશ્રમની પાસે, પાલડી, અમદાવાદ, ગુજરાત.

ફોર્મ નં. ૨૨ (પહેલા ૬૨) {ડીઆરટી રેગ્યુલેશન ૨૦૨૪ ના નિયમ ૩૫ અને ૩૬} (ઈન્કમટેક્ષ એક્ટ - ૧૯૬૧ના બીજા શિડયુલમાં નિયમ ૫૨(૧) (૨) જુઓ) નાદારીની બાકી લ્હેણાંની વસુલાતના ૧૯૯૩ ના કાયદા સાથે વંચાણી લેતા વેચાણની જાહેરાત

ઈ-હરાજી / વેચાણ નોટીસ [THROUGH REGD.AD/DASTI/AFFIXATION/BEAT OF DRUM/PUBLICATION]

RP/RC NO. 1379/2003 — OA No. 174/1999

પ્રમાણપત્ર ધારણકર્તા: કેનરા બેંક
V/s
પ્રમાણીત દેવાદાર: મે. નુતન ક્રિમ્પર્સ અને અન્યો

પ્રતિ,
સી.ડી. નં. ૧ : મે. નુતન ક્રિમ્પર્સ, ૨૧૪, ૨૧૫, ઝુબેર ચેમ્બર્સ, મોઈનવાડી, સલાબતપુરા, સુરત.
ફેક્ટરી : પ્લોટ નં. એલ-૧૪૨૭, જીઆઈડીસી, પાનોલી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, પાનોલી (જીલ્લો - ભરૂચ).
સી.ડી. નં. ૨ :- મોહમ્મદ હાઝી ઈસ્માઈલ ગોદિલ, પ્રો. નુતન ક્રિમ્પર્સ, ૪૯, નિશાત સોસાયટી, અડાજણ પાટીયા, સુરત.

સદરહુ સીડીઓ નં. ૧ થી ૨, OA No. 174/1999, તારીખ : ૧૫.૧૧.૨૦૦૨ ના ચુકાદાની શરતો મુજબ બાકી લ્હેણી રકમ રૂા. ૧૧,૮૦,૯૦૫.૧૬ (રૂા. અગિયાર લાખ એંસી હજાર નવસો પાંચ અને સોળ પૈસા પુરા) વત્તા તા. ૧૮.૦૫.૧૯૯૯ ના રોજ થી વ્યાજ સહીત ચુકવવામાં નિષ્ફળ ગયા છે તેથી હાલની આ વેચાણ નોટીસ છે. મારા હુકમ તા. ૨૭.૦૧.૨૦૨૬ મુજબ, નીચે દર્શાવેલ મિલકતોનું જાહેર ઈ - હરાજી મારફતે વેચાણ ઉપર જણાવેલ વિગત માટે કરવામાં આવશે. હરાજી વેચાણ "ઓનલાઈન ઈ - હરાજી" દ્વારા વેબસાઈટ : https://baanknet.com મારફતે કરવામાં આવશે.

લૉટ નં.	મિલકતનું વર્ણન	અનામત કિંમત (રૂા. માં) રાઉન્ડેડ ઓફ	ઈએમડી ૧૦% (રૂા. માં) અથવા રાઉન્ડેડ ઓફ
૧.	મે. નુતન ક્રિમ્પર્સ ના નામની સ્થાવર મિલકતનો તમામ ભાગ અને હિસ્સા સાથેનો પ્લોટ નં. એલ-૧૪૨૬, જીઆઈડીસી, પાનોલી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, પાનોલી (જીલ્લો - ભરૂચ).	રૂા. ૧૫.૦૦ લાખ	રૂા. ૧.૫૦ લાખ
૨.	મે. નુતન ક્રિમ્પર્સ ના નામની સ્થાવર મિલકતનો તમામ ભાગ અને હિસ્સા સાથેનો પ્લોટ નં. એલ-૧૪૨૭, જીઆઈડીસી, પાનોલી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, પાનોલી (જીલ્લો - ભરૂચ).	રૂા. ૧૫.૦૦ લાખ	રૂા. ૧.૫૦ લાખ

*નોંધ : (૧). સીએચ બેંક પાસેથી મળેલી માહિતી મુજબ, બંને મિલકતો પર ગુજરાત ઈલેકટ્રીસીટી બોર્ડ ના કુલ આશરે ૧ કરોડ રૂપિયાના દેવા બાકી છે.
(૨). ઈએમડી ઈ-હરાજી વેબસાઈટ : https://baanknet.com એટલે કે baanknet દ્વારા વોલેટમાં જમા કરાવવાની રહેશે. સૌથી વધુ બોલી લગાવનાર વ્યકિતએ બેંકનેટ વોલેટમાં ચુકવેલી ઈએમડી ની અંતિમ બિડ રકમના ૨૫% એડજસ્ટમેન્ટ આગામી બેંક કાર્યવાહી દિવસ સુધીમાં RTGS/NEFT દ્વારા નીચે નીચે મુજબની વિગતો મુજબ જમા કરાવવાના રહેશે.

લાભાર્થી બેંકનું નામ	કેનરા બેંક	શાખા	કોટસફીલ મેઈન રોડ શાખા
લાભાર્થી બેંકનું સરનામું	અન્નપૂર્ણા, કોટસફીલ મેઈન રોડ, સુરત - ૩૯૫૦૦૩.		
લાભાર્થી એકાઉન્ટ નં.	20272434	IFSC Code	CNRB0000336

૧. બીડ વધારવાની રકમ લૉટ નં. ૧ અને ૨ માટે રૂા. ૧૦,૦૦૦/- છે.
૨. સંભવિત પ્રસ્તાવકારો ઓનલાઈન તાલીમ મેળવવા માટે મે. પીએસબી એલાયન્સ (BAANKNET Auction Portal) (ટેલિ. હેલ્પલાઈન નં. +૯૧ ૮૨૯૧૨૨૦૨૨૦), હેલ્પ લાઈન ઈમેલ આઈડી : support.BAANKNET@psballiance.com નો સંપર્ક કરવો મિલકતને લગતી અન્ય માહિતી માટે (મોબાઈલ નંબર. ૮૨૩૮૦૯૨૦૧૦ / ૭૨૨૭૦૧૯૯૩૫ / ૯૮૯૯૭૨૧૪૦૩ / ૯૭૧૩૦૦૦૪૯૫) અને ઈમેલ : cbo336@canarabank.com નો સંપર્ક કરવો.
૩. પ્રસ્તાવકારોને જણાવવાનું કે વધુ માહિતી અને શરતો તથા નિયમો માટે ઈ-હરાજી થી પ્રસ્તાવ મોકલતાં પહેલાં અને ઈ હરાજીની પ્રક્રિયામાં ભાગ લેતા પહેલાં વેબ સાઈટ https://baanknet.com જોઈ લેવી.
૪. સંભવિત બિડરોને હરાજી પુર્ણ થયા પછી તરત જ ૨૫% (ઈએમડી રકમ બાદ કરીને) રકમની ચુકવણીનું પાલન કરવાની સલાહ આપવામાં આવે છે અને હરાજી ની તારીખ થી ૧૫ દિવસની અંદર ૭૫% રકમ અને જો ૧૫ માં દિવસે રવિવાર હોય કે અન્ય રજા હોય, તો પરત પછી ના કાર્યકારી દિવસ માન્ય ગણાશે. એક્સ્ટેંશન માટેની કોઈપણ વિનંતીને ધ્યાનમાં લેવામાં આવશે નહીં.
૫. આ મિલકત "જયાં છે ત્યાં, "જેવી છે તેમ" અને "જેમ છે તેમ" ના આધારે વેચાણ કરવામાં આવશે અને સંભવિત ખરીદનારને યોગ્ય રીતે પૂર્વ ખાતરી કરી લેવી.
૬. ઈરાજીની વિગતો નીચે મુજબ છે.

૧.	સ્પોટ નોટીસ થ્રુ એફીકશન, પેપર પબ્લિકેશન, ડ્રમ્સ, પંચનામા, નવીનતમ ફોટોગ્રાફસ	તા. ૦૫.૦૬.૨૦૨૬
૨.	મિલકતનું નિરીક્ષણ	૧૭.૦૬.૨૦૨૬, સવારે ૧૧.૦૦ થી બપોરે ૨.૦૦ વચ્ચે
૩.	ઈએમડી ની રકમ અને ચુકવણીના પુરાવા સહિત દસ્તાવેજો અપલોડ કરવાની છેલ્લી તારીખ	૨૧.૦૭.૨૦૨૬, સાંજે ૫.૦૦ વાગ્યા સુધીમાં
૪.	ઈ - હરાજી	૨૨.૦૭.૨૦૨૬, બપોરે ના ૧૨.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી (ઈ - હરાજી સમાપ્ત થાય ત્યાં સુધી ૩ મિનિટની સ્વયંમ વધારા સાથે)

SEAL

(અનુભા દુબે)
રીકવરી ઓફિસર - I,
ઋણ વસૂલી અધિકરણ-II,
અમદાવાદ.

(વિવાદ ની સ્થિતીમાં અંગ્રેજી આવૃતિને માન્ય રાખવામાં આવશે)

ઉમરગામ-ભેસ્તાન રેલવે બ્લોકથી મુસાફરોની મુશ્કેલીઓ વધી શકે

બે કલાકના વિશેષ બ્લોકને લઈ અનેક ટ્રેનો મોડી દોડશે

નવસારીઃ દક્ષિણ ગુજરાતના રેલવે મુસાફરો માટે આગામી બે દિવસ ભારે મુશ્કેલીભર્યા સાબિત થવાના છે. પશ્ચિમ રેલવે દ્વારા ઉમરગામથી ભેસ્તાન અને બીલીમોરા વચ્ચે ટ્રેક મેન્ટેનન્સ અને સુરક્ષા કામગીરી માટે અપ તથા ડાઉન લાઈનો પર બે કલાકનો વિશેષ બ્લોક જાહેર કરવામાં આવ્યો છે. આ કામગીરીને કારણે અનેક પેસેન્જર, લોકલ અને મેમુ ટ્રેનોના સમયપત્રક પર સીધી અસર જોવા મળશે.

રેલવે વિભાગના જણાવ્યા અનુસાર ટ્રેકની મજબૂતી, સિગ્નલ સિસ્ટમની તપાસ અને ટેકનિકલ કામગીરી માટે આ બ્લોક જરૂરી બન્યો છે. પરિણામે કેટલીક ટ્રેનો નિયત સમય કરતાં મોડી દોડશે, જ્યારે કેટલીક ટ્રેનોને વિવિધ સ્ટેશનો પર રોકી રાખવાની શક્યતા છે. ખાસ કરીને નવસારી, સુરત, વલસાડ અને બીલીમોરા વચ્ચે રોજિંદા અપ-ડાઉન કરતા હજારો નોકરિયાતો, વિદ્યાર્થીઓ અને વેપારીઓ માટે પરિસ્થિતિ કપરિ બનશે.

સવાર અને સાંજના પિક અવર્સ દરમિયાન ટ્રેનોમાં વધતી ભીડ મુસાફરો માટે વધુ હાલાકી ઊભી કરી શકે છે.

નવસારીના દંડેશ્વર ગામે દીપડો પાંજરે પુરાયો

નવસારીઃ નવસારી તાલુકાના દંડેશ્વર ગામમાં છેલ્લા ઘણા સમયથી ભયનું કારણ બનેલો દીપડો આખરે વન વિભાગના ગોઠવાયેલા પાંજરામાં કેદ થતાં ગ્રામજનો અને ખેડૂતોમાં રાહતનો માહોલ જોવા મળ્યો છે. ખેતરો અને આસપાસના વિસ્તારમાં દીપડો દેખાતો હોવાના બનાવોને લઈને લોકોમાં ભય ફેલાયો હતો. સ્થાનિકોની રજૂઆત બાદ વન વિભાગ દ્વારા ખેતરમાં ટ્રેપ પાંજરું ગોઠવવામાં આવ્યું હતું. સોમવારે વહેલી સવારે આશરે ચાર વાગ્યાના સુમારે શિકારની શોધમાં આવેલો દીપડો આ પાંજરામાં ફસાઈ ગયો હતો. વન વિભાગ હવે દીપડાનું તબીબી પરીક્ષણ કરીને તેને સુરક્ષિત જંગલ વિસ્તારમાં છોડવાની કાર્યવાહી કરશે.